મિત્રના ત્રણ પ્રકાર, એક અન્ન જેવો જેના વિના જીવી શકો નહીં, બીજા દવા જેવા જેનો ક્યારેક ખપ પડે અને કેટલાક માંદગી જેવા - જે જીવનમાં ના આવે એમાં જ સુખ
- બંગ્લા કહેવત

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૦૮ | ૨૮ જૂન, ૨૦૧૪, શનિવાર; અષાઢ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગરમાં ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ બે વર્ષ બાદ અમલી બનશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં બે વર્ષ સુધી પાંચ-પાંચવાર ટેન્ડર પ્રક્રિયા કર્યા બાદ આજે સ્ટેન્ડીંગ કમિટીએ ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ માટેનો માર્ગ મોકળો કરતાં ટેન્ડરને મંજૂરી આપી છે.

ગાંધીનગર શહેરમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૦૦ અન્વયે ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય નવે. ૧૨ માં લેવાયો હતો. આ અંગે પાંચ-પાંચવાર ટેન્ડર પ્રક્રિયા કર્યા બાદ આજે મળેલ સ્ટેન્ડીંગ કમિટીમાં ટેન્ડર આખરી કરી રાજકોટની એજન્સીને પસંદગી કરી વર્ક ઓર્ડર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે આગામી એકાદ સપ્તાહમાં વહીવટીય પ્રક્રિયા સંપન્ન કરી ડોર ટુ ડોર વેસ્ટ કલેક્ટ કરી અને ડમ્પીંગ સાઈટ પર ડિસ્પોઝલની કામગીરી હાથ ધરવામાં આવશે.

સ્ટેન્ડીંગ કમિટીની આજે આશિષ દવેના ચેરમેન પદે મળેલી મહત્વની બેઠકમાં બીજી બે પણ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જો કે ટ્રી ગાર્ડની ખરીદી માટેની કામગીરી નવી બેઠક સુધી મુલ્તવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે કોમ્પ્યુટર મેઈનટેન્સ માટે એજન્સી નિયત કરાઈ હતી તેમજ કાઉન્સીલરો અને કર્મચારીઓને તાલિમ આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ માટે બે ટેન્ડરો મળ્યા હતા અને તેનું પ્રાઈસબીડ ૧૭-૬-૧૪ના રોજ કરાયું હતુ.

આ ટેન્ડરમાં રખાયેલી શરતે ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર મ્યુનિ. કોર્પો. દ્વારા બંધ બોડીના ૧૭ બી.એચ.પી. ક્ષમતા ધરાવતા નાના વાહનો કોન્ટ્રાક્ટરને ઉપીયોગમાં લેવા માટે આપવામાં આવે તેમજ તે વાહન માટેનું ભાડુ કોર્પોરેશનને ચુકવવાનું રહેશે.

ટેન્ડરમાં એક ટનુ કચરો ઉપાડવાનો ભાવ રૂ. ૧૫૮૧ નિયત કરાયો છે. આ કામગીરી એજન્સી ૩ વર્ષ સુધી કરશે.

ગાંધીનગર કોર્પોરેશનને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અમલીકરણ માટે સરકારે ૭૦ જેટલા નાના વાહનો અગાઉ ફાળવ્યા હતા અને તેની ડીલવરી પણ કોર્પોરેશનને મળી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

જય રણછોડ - અષાઢી બીજે ભગવાન જગન્નાથ, બહેન શુભદ્રાજી અને બલરામજી નગરની પરિક્રમાએ નિકળશે... પરિક્રમા પૂર્વે મોસાળે ગયેલા ત્રણેય ભાઈ-બહેનોને 'આંખો આવી' અને મોસાળેથી પરત આવતા આંખો પર પાટા બાંધવામાં આવે છે... બીજના દિવસે વહેલી સવારે પાટા ખોલીને નેત્રોત્સવ ઉજવાશે અને ભગવાન નગરની પરિક્રમાએ નીકળશે અને ભાવિકોને દર્શન આપી ધન્ય કરશે... (તસવીર : દિપક જાની)

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન

(માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનું સ્વાયત્ત સંગઠન)
પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર
૩જો માળ, એમ.એસ. બીલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન: ૦૭૯-૨૩૨૦૨૧૧૦, મોબાઈલ: ૮૭૩૩૦૨૩૫૫૫, ફેક્સ: ૦૭૯-૨૩૨૦૨૧૧૧
વેબસાઈટ: www. niosgnr.org, ઈ-મેલ: rcgandhinagar@nios.ac.in
(સીબીએસઈ/સીઆઈએસસીઈ સમકક્ષ ભારત સરકારનું પરીક્ષા બોર્ડ)

માન્યતા પ્રાપ્ત બોર્ડના અસફળ વિદ્યાર્થીઓ માટે NIOSમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમો માટે ઓનલાઇન પ્રવેશની સુવિધા

તમારું અમૂલ્ય 1 વર્ષ બચાવો

પ્રવેશ ચાલુ છે
૨૦-૫-૨૦૧૪ થી ૨૦-૭-૨૦૧૪ સુધી
પ્રથમ પરીક્ષા ઓકટોબર ૨૦૧૪માં

પ્રવેશની જરૂરીયાતો: ● જે વિદ્યાર્થીઓ GSHEB/CBSE/CISCE કે અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની પરીક્ષામાં અસફળ થયેલા હોય કે કોઈ કારણસર પરીક્ષા આપી શક્યા ન હોય તેવા વિદ્યાર્થીઓ પ્રવેશ લઈ શકશે. વિદ્યાર્થીએ જે વિષયો બોર્ડની પરીક્ષામાં લીધેલ હોય તેમાંજ પ્રવેશ લઈ શકશે. ● એડમીશન ફોર્મની સાથે ઓરીજીનલ માર્કશીટ અને પ્રવેશપત્ર જરૂરી છે.

આ ઉપરાંત એપ્રિલ-૨૦૧૫ની પરીક્ષાઓ માટે પ્રવેશ ચાલુ છે જેમાં તમે તમારી પસંદગી પ્રમાણેના વિષયો લઈ શકશો.

સુવિધાઓ: ટ્રાન્સફર ઓફ ક્રેડીટ (TOC) : જે બે વિષયમાં તમે પાસ હો તેની ક્રેડીટ લઈ શકો છો. એટલે કે આ બે વિષયની ફરી પરીક્ષા આપવાની જરૂર નથી.

NIOSની જાહેર પરીક્ષાઓ: અત્યારે પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓ ઓકટોબર/નવેમ્બર ૨૦૧૪માં પરીક્ષા આપી શકશે. ઓકટોબર/નવેમ્બર ૨૦૧૪ની જાહેર પરીક્ષા પછી વિદ્યાર્થી ઈચ્છે ત્યારે On Demand Exam આપી શકશે.

NIOSની વિશેષતાઓ: પ્રવેશ પાંચ વર્ષ સુધી માન્ય ● ગુજરાતી, હિન્દી, ઉર્દુ, અંગ્રેજી અથવા બીજી સ્વીકૃત ભારતીય ભાષાના માધ્યમમાં પરીક્ષા આપી શકાશે ● વર્ષમાં બે વાર પરીક્ષાઓ ● પ્રમાણપત્રની માન્યતા સીબીએસઈ, ગુજરાત બોર્ડ અને દેશના કોઈપણ પરીક્ષા બોર્ડને સમકક્ષ માન્ય

વધુ માહિતી તથા પ્રવેશ માટે આજે જ સંપર્ક કરો

અમદાવાદ: નારણપુરા-૯૪૨૩૩૧૨૩૬૮, મીર્ઝાપુર-૦૭૯૨૫૫૦૬૦૮, ૯૪૨૬૩૧૬૩૪૪, રખિયાલ-૯૮૯૮૧૦૬૮૧૨, મણીનગર-૮૦૦૦૨૫૮૩૧૩, વાડજ-૦૭૯-૨૭૬૪૪૪૮૯, ઘોડાસર-૯૪૨૯૦૧૯૦૦૫, અમરાઈવાડી-૯૮૦૬૯૧૦૬૭૭, આકોટા-૦૨૬૯૯-૨૮૬૧૧૬, ખમાસા/કાલુપુર-૦૨૭૯૨-૨૨૨૨૨૦, ભદ્રપુર-૯૬૨૫૮૬૭૫૪૮, ૦૨૬૪૬-૨૫૨૪૦૦, ૯૨૨૭૭૮૦૫૩૦, ઘાટલોડીયા-૯૮૨૫૨ ૭૭૨૫૦, ઘેબ-૯૪૨૬૬૭૭૩૭